

**રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ તથા અન્ય હોદેદારોએ ગુજરાત રાજયના ગૃહમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીજી સાથે મિટિંગ યોજી વેપાર–ઉદ્યોગકારોની ફરીયાદો અંગે રજુઆત કરવામાં આવેલ...**

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી. પી. વૈષ્ણવ, ઉપપ્રમુશ્રી પાર્થભાઈ ગણાત્રા, માનદ્‌મંત્રીશ્રી નૌતમભાઈ બારસીયા, ટ્રેઝરરશ્રી વિનોદભાઈ કાછડીયા, તમેજ કારોબારીસભ્યશ્રીઓ દ્વારા તા.૧૯–૬–૨૦૨૨ ના રોજ સરકીટ હાઉસ ખાતે ગુજરાત રાજયના ગૃહમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીજી સાથે મિટીંગ યોજી વેપાર–ઉદ્યોગકારોના ફસાયેલ રૂપિયા અને છેતરપીડી તેમજ રાજકોટના પ્રશ્નો બાબતે મિટીંગ યોજી રજુઆત કરવામાં આવેલ.

આ મિટીંગ દરમ્યાન રાજકોટ તથા આસપાસના વિસ્તારોના ૧૦૦ થી પણ વધારે વેપાર–ઉદ્યોગકારોના આશરે ૧૧૭ કરોડથી પણ વધારેની માતબાર રકમની થયેલ છેતરપીંડીની ફરીયાદો ધ્યાને મુકેલ. આ અંગે ગૃહમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીજી દ્વારા રાજકોટ ચેમ્બર તરફથી આવેલ રજુઆતોને પ્રાધાન્ય આપી આ બાબતે યોગ્ય કરવા ખાત્રી આપેલ છે. તેમજ આવેલ રજુઆતોનું વિભાજન કરી શહેર પોલીસ કમિશ્નરશ્રી સાથે મિટીંગ યોજી રજુઆતો ધ્યાને મુકવી અને ગૃહમંત્રીશ્રી લેખીતમાં જાણ કરવી અને ટૂંક સમમાં આવેલ તમામ ફરીયાદોનું નિરાકરણ લાવવા પ્રયાસ કરાશે. તેમજ આગામી દિવસોમાં વેપારીઓની ઘણી બધી ફરીયાદો હોય તેના હિતને ધ્યાનમાં રાખી રાજકોટ સીટી તેમજ જીલ્લામાં SIT ની રચના કરવાનું રાજકોટ ચેમ્બરે જોરદાર માંગણી કરેલ. જેના થી વેપાર–ઉદ્યોગોના ઘણા બધા પ્રશ્નોનું નિરાકરણ લાવી શકાશે. વધુમાં મંત્રીશ્રીએ જણાવેલ કે જે ઈન્ડસ્ટ્રીઝમાં કામ કરતા વર્કરોની તમામ ડીટેઈલ પોલીસ ડિપાર્ટમેન્ટમાં જમા કરાવવાની અથવા સાઈટ પર જઈ રજીસ્ટ્રેન કરાવી લેવું જેથી આવનારા દિવસોમાં કોઈપણ બનાવો બને તો તેનું નિરાકરણ લાવી શકાય. અરજદારોની સંખ્યામાં ખુબ વધી ગયેલ હોય રજુઆત કરવામાં થોડી મુશ્કેલી પડેલ હોય પણ રાજકોટ ચેમ્બરના પ્રયાસથી તમામ લોકોને રજુઆતો કરવાનો સમય આપવા રાજકોટ ચેમ્બરે ગૃમંત્રીશ્રીને અનુરોધ કરેલ અને તમામ લોકોને મંત્રીશ્રીએ શાંતીથી શાંભળી ઘટતું કરવા ખાત્રી આપેલ. મિટીંગ પુર્ણ થયે રાજકોટ ચેમ્બરના માનદ્‌મંત્રીશ્રી નૌતમભાઈ બારસીયા દ્વારા ઉપસ્થિત તમામ મહાનુભાવોનો આભાર વ્યકત કરેલ. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.